### કોંગ્રેસના વોર્ડ નંબર ૩ના ઉમેદવારનું ફોર્મ ચકાસણીના અંતે રદ કરાયું

# સાવલી નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના અંકિત રાણા બિનહરીફ

**ઉમેદવારે** અધિકારીના આ નિર્ણિણ સામે હાઇકોર્ટના દ્વાર ખખડાવવાનું નક્કી કર્યું

(પ્રતિનિધિ) સાવલી, તા.13

સાવલી નગરપાલિકા ની ચૂંટણી માં કોંગ્રેસ ના વોર્ડ નંબર 3 ના ઉમેદવાર નું ફોર્મ ચકાસણી ના અંતે રદ કરવામાં આવતા ભાજપ ના અંકિત રાણા બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા જોકે આ નિર્ણય સામે નારાજગી બતાવીને કોંગ્રેસે હાઈકોર્ટના દ્વાર ખખડાવવાનું નક્કી કર્યું છે આજરોજ સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ઉમેદવારી પત્રોના ફોર્મ ના ચકાસણીના દિવસે વોર્ડ નંબર 3 ના કોંગ્રેસ ના ઉમેદવાર ગૌરાંગ ભાટિયા ના સંદર્ભ માં વાંધો રજૂ કરવામાં આવ્યો હતો જેમાં એક ગુન્હા માં કોર્ટે તેમને સાત વર્ષ ની સજા ફટકારી હતી તે મુદ્દે વાંધો રજૂ કર્યો હતો અને આ બાબતે સાવલી ભાજપ ના આગેવાનો દ્વારા પુરાવા કાગળ રજૂ કરીને અન્ય પાલિકા ઓ માં આવા કિસ્સાઓ માં ઉમેદવારી પત્રો રદ કર્યાનો ઉદાહરણ રજૂ ભાજપ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા જેથી ચૂંટણી અધિકારી એ ગૌરાંગ ભાટિયા નું ઉમેદવારી પત્ર રદ નગરપાલિકા ચૂંટણી અધિનિયમ 7 મુજબ ઉમેદવારીપત્ર અમાન્ય ઠેરવ્યું હતું તેવા સમયમાં અન્ય બીજા કોઈ પણ ઉમેદવારનો ફોર્મ ભરેલ ન હોવા થી ઔપચારિક રીતે વોર્ડ નંબર 3 ભાજપના ઉમેદવાર અંકિત રાણા બિનહરીફ થઈ ગયા છે, કોંગ્રેસે ડમી ઉમેદવાર તરીકે અન્ય કોઈપણ ઉમેદવારનું ફોર્મ નહીં ભરતા થાપ ખાધી હોય તેવી પરિસ્થિતિ ઉદ્ભવી છે, જ્યારે આ બાબતે કોંગ્રેસ દ્વારા ચૂંટણી અધિકારીના આ નિર્ણિણ સામે હાઈકોર્ટના દ્વાર ખખડાવવાનું મન બનાવી લીધું છે

આમ સાવલી નગરપાલિકા માં ભાજપે ખાતું ખોલાવ્યું છે અને કોંગ્રેસે એક બેઠક ગુમાવવાનો વારો આવ્યો છે જ્યારે બીજી બાજુ વોર્ડ 1 ના કોંગ્રેસ ના ઉમેદવાર ઈમરાન ખાન હુસેનખાન પઠાણ વિરુદ્ધ કલમ 138 મુજબ ચેક ના એક કેસમાં સાવલી જે એમ એફ સી કોર્ટ દ્વારા સેક્શન 70 મુજબ 25 મી માર્ચ ના રોજ બિન જામીન પાત્ર ધરપકડ વોરંટ ઈસ્યૂ કરેલ છે જેની આગામી તારીખ 22 મી એપ્રિલ હતી.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-2026

# ચૂંટણીમાં જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુથી છટાદાર ભાષણ

ચાળા થકી સુરૂચી અથવા નિતીમતાનો ભંગ થાય તેવા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

રાજય ચૂંટણી આયોગ દ્વારા રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ,૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓ પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ચૂંટણી જાહેર થયેલ વિસ્તારમાં આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે. ચૂંટણીમાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી પોલીસ કમિશ્નર, વડોદરા શહેર નરસિમ્હા કોમાર દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(છ) હેઠળ મળેલ સત્તાની રૂએ ચૂંટણી હેઠળના વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધ મુકાયા છે. જાહેરનામા અનુસાર છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરાયેલ અધિકારી તથા સબંધિત મતદાર વિભાગના નિવાર્ચન અધિકારી અથવા તેના દ્વારા અધિકૃત કરાયેલ અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નિતીમતાનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા કરવાની અને તે ચિત્રો, તે નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની મનાઇ ફરમાવતુ જાહેરાનામુ બહાર પડાયુ છે.

### પોલીસે ત્રણની ધરપકડ કરી

# આમોદના કેરવાડા ગામે રાજવી પરિવાર પાસે 40 લાખની ખંડણી માંગવાનો ગુનો




(પ્રતિનિધિ) ભરૂચ, તા.13

આમોદ તાલુકાના કેરવાડા ગામના રાજવી પરિવારના વારસદારને ફિલ્મી અંદાજમાં ડરાવી-ધમકાવી 40 લાખ રૂપિયાની ખંડણી માંગવાના ગંભીર ગુનામાં આમોદ પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓએ રાજવી પરિવારને ખોટા આરોપમાં ફસાવી કોર્ટના ચક્કર લગાવી જેલમાં પુરાવી દેવાની ધમકી પણ આપી હતી. કેરવાડા રજવાડાના રાજવી દાદા માનસિંહ ભાસાહેબે તેમના પૌત્ર મયુરધ્વજસિંહ વિજયસિંહ રાણાને વસિયતનામા દ્વારા સમિયાલા ગામે આવેલી જમીન (જૂનો બ્લોક/સર્વે નં. 245 અને નવો બ્લોક/સર્વે નં. 48) વારસામાં આપી હતી. ફરિયાદી મયુરધ્વજસિંહ આ જમીન પર ખેતી કરે છે. પોલીસ સૂત્રો અનુસાર, આરોપીઓ સૈયદ ઈસ્માઈલ મોટાજી ઉર્ફે બસીર બાપુ, સૈયદ સર્ફરાજ અબ્બાસ અને સૈયદ અલી મોટાજી (તમામ રહે. કેરવાડા, તા.આમોદ)એ ગત 30 માર્ચ 2026ના રોજ સવારે સમિયાલા ગામની ખેતીની જમીન પર જઈ ફરિયાદીના સુરક્ષા કર્મચારીઓને અભદ્ર ગાળો આપી, ધોકાથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ 50 ખુરશીઓ બળજબરીથી કઢાવી લીધી હતી.

ત્યારબાદ તે જ દિવસે બપોરે સાડા ત્રણ વાગ્યે કેરવાડા ગામ ખાતે આ ત્રણેય આરોપીઓએ સુનિલસિંહના કહેવાથી મયુરધ્વજસિંહ અને તેમના બહેન ભારતીકુંવરબાને મા-બહેનની ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ કહ્યું હતું કે, 'તમને કોઈ ખોટા ગુનામાં ફસાવી કોર્ટના ચક્કર લગાવી જેલમાં પુરાવી દઈશું.'

### NEET અને JEE ટોપર્સે શેર કરી સફળતાની વ્યૂહરચનાઓ

# ઓરિએન્ટેશન-કમ-ટોપર્સ ટોકમાં 800 થી વધુ વિદ્યાર્થીઓ-વાલીઓ જોડાયા




(પ્રતિનિધિ) વડોદરા, તા.13

આકાશ એજ્યુકેશનલ સર્વિસેસ લિમિટેડ (AESL) વડોદરા દ્વારા તેના ફ્લેગશિપ કાર્યક્રમ 'AARAMBH' અંતર્ગત ઓરિએન્ટેશન-કમ-ટોપર્સ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 800થી વધુ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. "શૈક્ષણિક શ્રેષ્ઠતાનો માર્ગ" વિષય પર યોજાયેલા આ સત્રમાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અસરકારક તૈયારી કેવી રીતે કરવી તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમની ખાસ વાત તરીકે NEETના ટોચના ઉમેદવાર જય જાધવ તેમજ બરોડા મેડિકલ કોલેજના ખિઝર અહમદ, સોહમ પોપટ, નીલાબ અને નાકિયાએ પોતાની તૈયારીની પદ્ધતિ, પડકારો અને સફળતાના અનુભવો શેર કર્યા હતા. તે ઉપરાંત JEE ક્ષેત્રના ઈદ્રીસ રાજા (IISc બેંગ્લોર), હેટ ટેલર (IIT કાનપુર) અને માનસ વાઘ (IIT દિલ્હી)એ શિસ્તબદ્ધ અભ્યાસ, સમય સંચાલન અને પરીક્ષા દબાણને સંભાળવાની રીતો અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને વાલીઓને પ્રારંભિક તૈયારી તકનીકો, અભ્યાસની યોગ્ય આદતો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે જરૂરી માર્ગદર્શન પૂરુ પાડવાનો હતો. નવા વિદ્યાર્થીઓને આકાશ દ્વારા આપવામાં આવતા માળખાગત અભ્યાસ માર્ગ અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

## એલપીજી કાળાબજાર સામે સરકારની કડક કાર્યવાહી : એક જ દિવસે 2,700થી વધુ દરોડા

વડોદરાઃ ભારતમાં ઘરેલું ગ્રાહકોને રસોઈ માટેનું સ્વચ્છ ઇંધણ સતત અને સુલભ રીતે મળે તેની ખાતરી કરવા કેન્દ્ર સરકારે સંગ્રહખોરી અને એલપીજીના કાળાબજાર સામે દેશવ્યાપી અમલીકરણ અભિયાન તેજ બનાવ્યું છે. આ અભિયાન અંતર્ગત ફક્ત 11 એપ્રિલ, 2026ના રોજ જ સમગ્ર દેશમાં 2,700થી વધુ તપાસ અને દરોડા પાડવામાં આવ્યા હતા. કાર્યવાહીનો મુખ્ય હેતુ અનિયમિતતાઓ શોધી કાઢવો અને ઘરેલું એલપીજીના ગેરવપરાશને અટકાવવાનો રહ્યો હતો. જાહેર ક્ષેત્રની ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ ડિસ્ટ્રિબ્યુટરશિપ પર આકસ્મિક તપાસ વધારી છે, જેમાં અત્યાર સુધી 219 ડિસ્ટ્રિબ્યુટરશિપ પર દંડ લાદવામાં આવ્યો છે અને 56ને સસ્પેન્ડ કરવામાં આવી છે. સાથે સાથે છેલ્લા આઠ દિવસમાં 3,300થી વધુ જાગૃતિ શિબિરો યોજાઈ હતી, જેમાં 5 કિલોના ફ્રી ટ્રેડ એલપીજી સિલિન્ડર અંગે ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ફક્ત એક જ દિવસે દેશભરમાં 52.3 લાખથી વધુ સિલિન્ડરોની ડિલિવરી થવાથી પુરવઠો સ્થિર રહ્યો હોવાનું સ્પષ્ટ થયું છે.

### આર્મીમાં ફરજ દરમિયાનના ગુનાનો આરોપી

# આજીવન કેદની સજા ભોગવતા કાસુભાઈ હઠીલાને 26 વર્ષ બાદ મુક્તિ



(પ્રતિનિધિ) ભરૂચ, તા.13

ભરૂચ જિલ્લા જેલમાંથી એક સંવેદનશીલ ઘટના સામે આવી છે. હિમાચલ પ્રદેશમાં આર્મીમાં ફરજ બજાવતી વખતે વર્ષ 1986માં નોંધાયેલા એક ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલા કાસુભાઈ ભલાભાઈ હઠીલાને હવે વહેલી જેલમુક્તિ આપવામાં આવી છે.

નામદાર સેશન્સ કોર્ટ, કાંગરા (ધરમશાળા, હિમાચલ પ્રદેશ) દ્વારા તેમને IPC કલમ 460 અને 34 હેઠળ આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. ત્યારથી તેઓ ભરૂચ જિલ્લા જેલમાં છેલ્લા 26 વર્ષથી સજા ભોગવી રહ્યા હતા. સરકારના નિયમો અને BNSS કલમ 473 હેઠળ કાસુભાઈ હઠીલાને વહેલી મુક્તિ માટે પાત્ર ઠરાવાતાં, ભરૂચ જેલ અધિક્ષકે તમામ સંબંધિત અધિકારીઓના અભિપ્રાય મેળવી આ કેસ ડી.જી. પ્રિઝન, સિમલા (હિમાચલ પ્રદેશ) ખાતે મોકલ્યો હતો. ત્યારબાદ જેલ સલાહકાર સમિતિની બેઠકમાં સકારાત્મક અભિપ્રાય મળતાં, હિમાચલ પ્રદેશ સરકારના ગૃહવિભાગ દ્વારા બાકીની સજા માફ કરી શરતોને આધિન વહેલી મુક્તિનો આદેશ આપવામાં આવ્યો. આ સાથે જ કાસુભાઈ હઠીલાને 26 વર્ષ બાદ જેલમાંથી મુક્તિ મળી છે.

### ચૂંટણી સંદર્ભે કાયદાનુ પાલન કરાવવા તંત્ર સજ્જ

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે સાહિત્ય છાપવા બાબતે કેટલાક નિર્દેશો જાહેર કરાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

રાજય ચૂંટણી આયોગ દ્વારા રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ,૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓ પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ચૂંટણી જાહેર થયેલ વિસ્તારમાં આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે. ચૂંટણી કાર્યક્રમ મુજબ વડોદરા શહેરમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની સામાન્ય ચૂંટણીઓ માટે મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ રવિવાર સવારના ૦૭/૦૦ વાગ્યાથી સાંજના ૧૮/૦૦ વાગ્યા સુધી તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ નિયત થયેલ છે.

ચૂંટણી દરમિયાન આદર્શ આચારસંહિતાના અમલ માટે પોલીસ કમિશ્નર, વડોદરા શહેર નરસિમ્હા કોમાર દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ ચૂંટણી હેઠળના વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ચૂંટણી સાહિત્ય છાપવા બાબતે કેટલાક આદેશ ફરમાવ્યા છે. જાહેરનામા અનુસાર કોઇપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહી.

કોઇપણ વ્યકિત કે સંસ્થા સદરહું ચૂંટણીને લગતા કોઇપણ ચોપનીયા, ભીંતપત્રો પ્રિન્ટ કરતા પહેલા પ્રકાશક પાસેથી તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય, તેવી બે વ્યકિતઓની સાક્ષી સહી કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મેળવી ત્યારબાદ જ આવા ચૂંટણી સાહીત્ય છાપવાના રહેશે. અને પ્રિન્ટીંગ કરેલ સાહીત્ય ઉપર મુદ્રક તથા પ્રકાશકના પુરેપુરા નામ, સરનામા, ફોન તથા મોબાઇલ નંબર દર્શાવવાના રહેશે તેમજ પ્રિન્ટ કરવામાં આવેલ નકલોની સંખ્યા દર્શાવવાની રહેશે. હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઇપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રકનો અર્થ તે પ્રમાણે થશે. મુદ્રકએ પ્રિન્ટ કરવામાં આવેલ તમામ સાહિત્યની ચાર નકલો તથા પ્રકાશક પાસેથી મેળવેલ એકરારનામાં એપેન્ડીક્ષ-એ અને ₹એપેન્ડીક્ષ-બી₹ ની એક-એક નકલ છાપકામ કર્યાના ત્રણ દીવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી તથા સંબંધિત ચૂંટણી અધિકારી રજુ કરવાની રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNB) ૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઇઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમ તા.૩૦/૦૪/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

# મતદાન પૂર્ણ થવાના 48 કલાક અગાઉથી રાજકીય પ્રકારના તમામ SMS મોકલવા પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા વડોદરા જિલ્લાની ચાર નગરપાલિકાઓ, આઠ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતો તેમજ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ ચૂંટણીઓનું મતદાન આગામી તા. ૨૬/૦૪/૨૦૨૬ના રોજ (સવારના ૦૭:૦૦ થી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી) યોજાનાર છે, જ્યારે મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરવામાં આવશે. આ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આદર્શ આચારસંહિતાનો ચુસ્ત અમલ થાય અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી વડોદરાના શહેર પોલીસ કમિશનર દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ એક પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામા અનુસાર, વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હદમાં સમાવિષ્ટ તમામ ચૂંટણી વિસ્તારોમાં કોઈ પણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે અન્ય કોઈ વ્યક્તિ દ્વારા રાજકીય પ્રકારના તમામ SMS મોકલવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. આ પ્રતિબંધ મતદાન પૂરું થવાના ૪૮ કલાક પહેલાથી એટલે કે તા.૨૪/૦૪/૨૦૨૬ના સાંજના ૦૬:૦૦ કલાકથી અમલમાં આવશે અને મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી લાગુ રહેશે.

આ આદેશમાંથી માત્ર ભારતના ચૂંટણી આયોગના સક્ષમ સત્તાધિકારી દ્વારા સ્વીપ (SVEEP) કાર્યક્રમ અંતર્ગત મતદારોને પ્રોત્સાહિત કરવા મોકલવામાં આવતા એસ. એમ. એસ. ને જ મુક્તિ આપવામાં આવી છે. આ પ્રતિબંધાત્મક હુકમનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહીને પાત્ર ઠરશે.

## ભરૂચ જિલ્લાના પ્લાસ્ટિક ઉદ્યોગો પર ભાવ વધારાનો ફટકો

અંકલેશ્વર : આંતરરાષ્ટ્રીય સ્તરે વધતા ભૂરાજકીય તણાવ અને ખાસ કરીને ઈરાન-ઈઝરાયેલ વચ્ચે સર્જાયેલા સંઘર્ષના કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન પર ગંભીર અસર જોવા મળી રહી છે.કાચા માલની અછતને કારણે પ્લાસ્ટિક ઉદ્યોગ માટે ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિક દાણા (રો-મટીરીયલ) ના ભાવમાં અચાનક તેજી નોંધાઈ છે,જેના કારણે ભરૂચ જિલ્લાના ઉદ્યોગકારો મુશ્કેલીમાં મુકાયા છે. તાજેતરના સમયમાં અગાઉ રૂ. 90 થી રૂ. 92 પ્રતિ કિલો મળતુ પ્લાસ્ટિક મટીરીયલ હવે વધીને રૂ.૧૪૫ થી રૂ.૧૫૦ પ્રતિ કિલો સુધી પહોંચી ગયુ છે. એટલે કે આશરે 40 થી 50 ટકા જેટલો વધારો નોંધાયો છે.આ વધારાની સીધી અસર પોલીપેક અને પ્લાસ્ટિક મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ પર પડી છે. પ્લાસ્ટિક દાણાના ભાવમાં થયેલા ભારે વધારાથી ખાસ કરીને દક્ષિણ ગુજરાતના પોલીપેક ઉદ્યોગોમાં સંકટ સર્જાયુ છે.

### વ્રજરાજકુમાર મહારાજ પગપાળા જોડાતા ભક્તિભાવનો માહોલ સર્જાયો

# માંજલપુરમાં વલ્લભાચાર્યજી મહાપ્રભુજીની ભવ્ય શોભાયાત્રામાં વૈષ્ણવો ઉમટ્યા

**૫૦૦થી** વધુ બાળકો ધાર્મિક વેશભૂષામાં આકર્ષણનું કેન્દ્ર બન્યા



(પ્રતિનિધિ) વડોદરા, તા.13

માંજલપુર ખાતે શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના પ્રાગટ્યોત્સવ નિમિત્તે VYO દ્વારા ભવ્ય અને દિવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦,૦૦૦થી વધુ વૈષ્ણવો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. બેન્ડ-બાજા, ઘોડા, ધ્વજ-પતાકા, ડંકા, નિશાન, ઢોલી, આકર્ષક ફ્લોટ્સ અને ભક્તિમય ભજનોના નાદ વચ્ચે સમગ્ર વિસ્તાર ભક્તિ અને ઉત્સવના રંગે રંગાઈ ગયો હતો. આ શોભાયાત્રા વ્રજરાજકુમાર મહારાજની અધ્યક્ષતામાં યોજાઈ હતી. ખાસ વાત એ રહી કે મહારાજ પોતે પગપાળા શોભાયાત્રામાં જોડાયા હતા, જેના કારણે વૈષ્ણવોમાં વિશેષ ઉત્સાહ અને આધ્યાત્મિક ઉમંગ જોવા મળ્યો હતો. "મહાપ્રભુજી પ્રાગટ્યોત્સવ"ના ભજન પર ભાવિકો ભક્તિભાવથી ઝૂમી ઉઠ્યા હતા. કાર્યક્રમનું વિશેષ આકર્ષણ ૫૦૦થી વધુ બાળકો વિવિધ ધાર્મિક વેશભૂષામાં જોડાયા તે રહ્યું હતું. ભારે ગરમી હોવા છતાં હજારો વૈષ્ણવો મહાપ્રભુજી પ્રત્યેની અખંડ શ્રદ્ધા વ્યક્ત કરવા ઉમટી પડ્યા હતા. મહારાજએ ધ્વજ ફરકાવી શોભાયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે વ્રજરાજકુમાર મહારાજશ્રીએ જણાવ્યું હતું કે વલ્લભાચાર્યજી મહાપ્રભુજી સનાતન વૈદિક હિંદુ ધર્મના પાંચમા જગદગુરુ આચાર્ય છે. તેમણે માયાવાદનું ખંડન કરીને સકાર બ્રહ્મવાદનું સ્થાપન કર્યું હતું. મહાપ્રભુજીમાં શ્રીકૃષ્ણ, સ્વામિનીજી અને ગુરુ – ત્રણેય સ્વરૂપોનું નિવાસ હોવાનું તેમણે જણાવ્યું હતું.


**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંમિશ્રિત) CIN: L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસઃ KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031. TEL: +91 44 4564 4000 | FAX: +91 44 4564 4022.

**પરિશિષ્ટ IV [નિયમ 8(1)] કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જેમ કે, અધોહસ્તાક્ષરકર્તા સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંમિશ્રિત)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 3 સાથે વંચાતા સેક્શન 13(12) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને તારીખ 07.01.2026ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં દેવાદાર, સહ-દેવાદારો અને જામીનદારો 1. અમીન પ્રેરણા હર્ષ 2. અમીન હર્ષ, 3. અમીન કીર્તન હર્ષને નોટિસમાં જણાવેલ રકમ રૂ. 29,04,296.65/- (રૂપિયા ઓગણત્રીસ લાખ ચાર હજાર બસો છન્નુ અને પાંસઠ પૈસા પૂરા) જે તારીખ 12.12.2025ના રોજ બાકી હતી, તે સદર ડિમાન્ડ નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર ચૂકવી દેવા માટે જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી દેવાદાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ આ એક્ટના સેક્શન 13ના સબ-સેક્શન (4) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો આજે 09 એપ્રિલ 2026 ના રોજ લીધો છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓ આ મિલકત સાથે કોઈ વહેવાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વહેવાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંમિશ્રિત)ના રૂ. 29,04,296.65/- (રૂપિયા ઓગણત્રીસ લાખ ચાર હજાર બસો છન્નુ અને પાંસઠ પૈસા પૂરા) અને તેના પરના વ્યાજના ચાર્જને આધીન રહેશે. દેવાદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, એક્ટના સેક્શન 13ના સબ-સેક્શન (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

**સ્થાવર મિલકતોનું વર્ણન**

ફ્લેટ નં. 104, પ્રથમ માળ, ટાવર-F, જેનું બાંધકામ ક્ષેત્રફળ 62.267 ચોરસ મીટર એટલે કે 670.00 ચોરસ ફૂટ છે, જમીનનો અવિભાજિત હિસ્સો 25.966 ચોરસ મીટર, "યજ્ઞ પુરુષ રેસિડેન્સી" તરીકે ઓળખાતી ઇમારતમાં જે ર.સ. નં. 93, ટી.પી. સ્કીમ નં. 1, એફ.પી. નં. 98 વાળી બિનખેતી (N.A) જમીન પર બનેલ છે, જે મોજેઃ હરણી, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટઃ વડોદરા, ગુજરાત-390022 ખાતે આવેલી છે, અને જેની ચતુઃસીમા નીચે મુજબ છેઃ પૂર્વઃ O.T.S. અને સોસાયટી રોડ, પશ્ચિમઃ કોમન લિફ્ટ અને ફ્લેટ નં. F-103, ઉત્તરઃ O.T.S. અને ટાવર-G, દક્ષિણઃ ફ્લેટ નં. F-105.


સહી/-

તારીખઃ 09-04-2026
સ્થળઃ ગુજરાત
લોન એકાઉન્ટ નંબરઃ 146204554

અધિકૃત અધિકારી આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંમિશ્રિત)


### ૧૦૦ પોલીસ કર્મચારીઓએ માનસિક સશક્તિકરણનો સંદેશ મેળવ્યો

# બ્રહ્માકુમારીઝ અટલાદરા ખાતે વિભાગીય ટ્રેનિંગ મીટીંગ યોજાઈ



(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડોદરાના બ્રહ્માકુમારીઝ અટલાદરા સેવા કેન્દ્ર ખાતે એસીપી શ્રીઅશોક કાટકરના નેતૃત્વ હેઠળ અટલાદરા, જેપી નગર, ગોત્રી અને અકોટા પોલીસ સ્ટેશનના પીએસઆઈ સહિત આશરે ૧૦૦ પોલીસ કર્મચારીઓ માટે વિભાગીય ટ્રેનિંગ મીટીંગ યોજાઈ હતી. આ મીટીંગમાં જેપી નગરના એચ.એન. બારિયા, સેકન્ડ પીઆઈએન.જે. સોહાગિયા, અકોટાના ડી.વી. બલદાનિયા, ગોત્રીના એચ.બી. ચાવડા અને અટલાદરાના વી.આર. રાઠોડ હાજર રહ્યા હતા. પ્રારંભે સેવા કેન્દ્રના સહ-નિર્દેશક બી.કે. પૂનમ દીદીએ કાટકર તથા તમામ પોલીસ અધિકારીઓનું તિલક, દિવ્ય સ્મૃતિચિહ્ન અને પ્રસાદ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કર્યું. તેમણે ભવિષ્યમાં સેવા કેન્દ્ર ખાતે રાજયોગ તાલીમ કાર્યક્રમો યોજવા માટે આમંત્રણ આપ્યું તેમજ વ્યક્તિગત અને પારિવારિક સ્તરે રાજયોગ શીખવા પ્રેરણા આપી. મંચ પરથી પોતાના વિચારો વ્યક્ત કરતાં એસીપી અશોક કાટકર જણાવ્યું કે સેવા કેન્દ્રમાં પ્રવેશતાં જ અહીંનું આધ્યાત્મિક વાતાવરણ આંતરિક શાંતિ અને સકારાત્મક ઊર્જાનો અનુભવ કરાવે છે, જેના કારણે મીટીંગ માટે આ સ્થાન પસંદ કરવામાં આવ્યું હતું. તેમની આ વાત સાથે હાજર તમામ પોલીસ કર્મચારીઓ આનંદ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન પોલીસ કર્મચારીઓએ રાજયોગ આધારિત આધ્યાત્મિક ટેલિફિલ્મ નિહાળી. બ્રહ્મકુમાર વિપિનભાઈએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે વર્તમાન સમયમાં પોલીસ સેવા દરમિયાન આવતા તણાવ અને પડકારોને પાર કરવા માટે માનસિક સંતુલન જાળવવું અત્યંત આવશ્યક છે. યોગ અને આધ્યાત્મિકતાના અનુસરણ દ્વારા વ્યક્તિમાં સકારાત્મકતા, શાંતિ અને મજબૂતી વિકસે છે, જેના કારણે વ્યક્તિ વ્યક્તિગત અને પારિવારિક જીવન વચ્ચે સંતુલન જાળવી શકે છે.

## શ્રમયોગીઓ/કર્મચારીઓને મતદાન માટે રજા આપવા સુચના

વડોદરા : આગામી તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. જે અન્વયે વડોદરા જિલ્લા શ્રમ નિયામકશ્રીની અખબારી યાદીમાં જણાવાયું છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે તા.૨૬/૦૪/૨૦૨૬, રવિવારના રોજ સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી યોજનાર છે. ત્યારે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એક્ટ-૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવા જણાવાયું છે.


**આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ** Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 802, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-400069
બોડેલી શાખાઃ પ્રોપર્ટી નં. 14, પ્રથમ માળ, અગ્રવાલ કોમ્પ્લેક્સ, ડભોઈ રોડ, બોડેલી-391135, ગુજરાત
અધિકૃત અધિકારીઃ અમિતકુમાર સોની, મોબાઈલ નં. 9913333214

**સરફેસી એક્ટ, 2002ની જોગવાઈઓ હેઠળ ખાનગી સમજૂતી દ્વારા મિલકત વેચાણ માટેની નોટિસ**

જેમ કે, આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ની કલમ 13(4) હેઠળ સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો છે. અને જ્યારે અધિકૃત અધિકારીએ અગાઉ ઈ-હરાજી નોટિસ જારી કરી હતી પરંતુ કોઈ સફળ બિડર્સ (બોલી લગાવનાર) આકર્ષવામાં નિષ્ફળ રહ્યા હતા અને હવે નીચે આપેલી સુરક્ષિત સંપત્તિને ખાનગી સમજૂતી દ્વારા વેચાણ કરવાનો નિર્ણય લીધો છે. અધિકૃત અધિકારીને આ સંદર્ભમાં સુરક્ષિત સંપત્તિની ખરીદી માટે કેટલાક રસ ધરાવતા વ્યક્તિઓ તરફથી ઓફર મળી છે. અધિકૃત અધિકારી આથી દેવાદારોને સામાન્ય રીતે, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના નિયમ 8 અને 9ની શરતો મુજબ ખાનગી સમજૂતી દ્વારા ઉપરોક્ત મિલકતના વેચાણ માટે નોટિસ આપી રહ્યા છે. ખાતાની વિગતો નીચે મુજબ છેઃ

| ક્રમ | લોન કોડ નં. / શાખા | દેવાદાર / સહ-દેવાદારનું નામ | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | અનામત કિંમત (RP) | 05-02-2026 ના રોજ કુલ બાકી લોન રકમ | સુરક્ષિત સંપત્તિનું વર્ણન |
|---|---|---|---|---|---|---|
| 1 | (Loan Code No. 50410000039/ Bodeli Branch) | બાબુ લાલ ખટીક (દેવાદાર) બબલી ખટીક (સહ-દેવાદાર) | 12-05-2025 & ₹ 8,14,897/- | ₹ 5,00,000/- | ₹ 9,09,461/- | મિલકતનો તમામ હિસ્સો અને ભાગઃ ગ્રાઉન્ડ ફ્લોર, સરકાર રેસીડેન્સી, નસવાડી રોડ, પ્લોટ નંઃ A-78, નસવાડી, છોટાઉદેપુર, ગુજરાત 391150. સીમાઓઃ પૂર્વ - મકાન નં. A-79, પશ્ચિમ - મકાન નં. A-77, ઉત્તર - મકાન નં. A-99, દક્ષિણ - રોડ |

આ સરફેસી એક્ટ, 2002 હેઠળ 15 દિવસની વેચાણ નોટિસ છે જે આથી દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ)ને આપવામાં આવે છે કે સુરક્ષિત લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલી ઉપર વર્ણવેલ સ્થાવર મિલકત, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની લેણી રકમ વસૂલવા માટે "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ", અને "જે કંઈ પણ છે"ના આધારે ખાનગી સમજૂતી દ્વારા વેચવામાં આવશે.

જો દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) પાસે કોઈ ખરીદનાર હોય જે આપેલી અનામત કિંમતથી વધુ કિંમતે સુરક્ષિત સંપત્તિ ખરીદવા માટે તૈયાર હોય, તો દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ)એ 04.05.2026 પહેલા એક દિવસ અગાઉ AHFLને જાણ કરવી આવશ્યક છે, તો AHFL તેમને પ્રાધાન્ય આપશે. જો દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) 04.05.2026ના એક દિવસ અગાઉ જાણ કરવામાં નિષ્ફળ જશે તો AHFL ઉપર આપેલી અનામત કિંમતે મિલકતના વેચાણ સાથે આગળ વધશે.

મિલકત AHFLને જાણતા અથવા અજાણ્યા તમામ વર્તમાન અને ભવિષ્યના બોજ સાથે વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર કોઈપણ તૃતીય-પક્ષના દાવાઓ/હકો/બાકી લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. ખરીદદારે મિલકતના તમામ પાસાઓ (ખાનગી સમજૂતી દ્વારા વેચાણ હેઠળ) પર પોતાની સંતોષ મુજબ યોગ્ય તપાસ કરવી જોઈએ. ખરીદનાર આ બાબતે પછીની તારીખે અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર સામે કોઈ દાવો કરવા માટે હકદાર રહેશે નહીં.

વેચાણની તારીખ 04.05.2026 નક્કી કરવામાં આવી છે.

સ્થળઃ ગુજરાત,
તારીખઃ 14-04-2026

(અધિકૃત અધિકારી)
આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ વતી